# જામનગર શહેરમાં સ્થળાંતરિત પરિવારોની સામાજિક સ્થિતિ અને પડકારો

# એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

ડૉ. ધર્મિષ્ઠા પી. કરડાણી

આસિસ્ટન્ટ પ્રોફેસર

સમાજશાસ્ત્ર વિભાગ

ભવન્સ શ્રી એ. કે. દોશી મહિલા કૉલેજ, જામનગર

**Email:- dharmistha4987@gmail.com**
**ORCID:-0009-0009-7242-0358**

## સારાંશ

ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા છેલ્લા ત્રણ દાયકાઓથી ઝડપથી વધી રહી છે. ઉદ્યોગીકરણ, શહેરીકરણને કારણે ગ્રામ્ય વિસ્તારો માંથી મોટી સંખ્યામાં લોકોનું રોજગારી, ધંધા અને શહેરોમાં સ્થળાંતરોનું પ્રમાણ વધ્યું છે. જામનગર શહેર ગુજરાતનું મહત્વપૂર્ણ ઔદ્યોગિક, આર્થિક અને ઐતિહાસિક કેન્દ્ર છે. જ્યાં રિફાઇનરી, બ્રાસ ઉદ્યોગ, બાંધણી ઉદ્યોગો, શિપ બ્રેકિંગ ઉદ્યોગ, વેપાર વ્યવહાર માટે વિકસતા ક્ષેત્રો સ્થળાંતરના મુખ્ય આકર્ષણ કેન્દ્રો છે. છેલ્લા બે દાયકાઓમાં જામનગર શહેરમાં સ્થળાંતરીતોના પ્રમાણમાં વધારો થયો છે. સાથે રહેઠાણની તંગી, સ્વાસ્થય, પરિવારોની સામાજિક સ્થિતિ અનેક વિવિધ બાબતો તેઓની જીવન ગુણવતા પર સીધી અસર કરે છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ જામનગર શહેરમાં સ્થળાંતરિત પરિવારોની સામાજિક સ્થિતિને જાણવા અંગેનો છે. તેમજ સ્થળાંતરોને કારણે થતા પડકારોને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવા અંગેનો છે. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત છે. જેમાં પદ્ધતિસરના માધ્યમ દ્વારા મુલાકાત પ્રયુક્તિ દ્વારા જામનગર શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી કુલ 40 સ્થળાંતરિત પરિવારો પાસેથી માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે. તેમજ પુસ્તકાલયમાં જુદા જુદા આર્ટિકલો, સામાયિકો, છાપાઓ, દસ્તાવેજો, આંકડાકીય માહિતી વગેરેનું પણ માહિતી મેળવીને એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

- **પ્રસ્તુત અભ્યાસ મુખ્ય પાંચ વિભાગોમાં વહેંચાયેલો છે.**

પ્રથમ વિભાગમાં ચાવીરૂપ શબ્દો અને સ્થળાંતરિતોનું પ્રમાણ અને જામનગર શહેર વિશે,બીજા વિભાગમાં સ્થળાંતરિત થયેલા પરિવારના કારણો,ત્રીજા વિભાગમાં સ્થળાંતર કરવાને પરિણામે ઊભા થતા પડકારો ચોથા વિભાગમાં સ્થળાંતરના કારણે તેઓના કુટુંબ જીવનમાં ઊભી થતી અસરો, પાંચમાં વિભાગમાં તારણો અને સૂચનોને દર્શાવ્યા છે. અંતે પ્રસ્તુત અભ્યાસના તારણ રૂપે કહી શકાય કે શહેરી આયોજન સામાજિક વિકાસની નીતિઓ અને સ્થળાંતરીત સમુદાયોને મુખ્યધાર સમાજ સાથે સાંકળવા માટે ઉપયોગી છે.

## પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં ભારતમાં વિકાસશીલતાની ગતિએ વેગ પકડ્યો છે. ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા ખૂબ જ ઝડપી બની છે. તેમાંય ગુજરાત રાજ્ય તેના ઔદ્યોગિક પાયાને કારણે દેશભરના શ્રમિક મજૂરો અને પરિવારો માટે ધંધા રોજગારી અર્થે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. જેને પરિણામે ગુજરાતમાં સ્થળાંતરિતોનું પ્રમાણ વધી રહ્યું છે. જે સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી

જોઈએ તો સ્થળાંતર વ્યક્તિના પારિવારિક માળખામાં સામાજિક સંબંધો અને તેની ઓળખને ઊંડી અસર કરે છે. પ્રસ્તુત અભ્યાસ જામનગર શહેરના સ્થળાંતરિત પરિવારો અંગેનો છે. જામનગર શહેર સૌરાષ્ટ્રનું છોટા કાશી તરીકે ગણાતું અને વૈશ્વિક સ્તરે ઓઇલ સિટી તરીકે ઓળખાતું જામનગર શહેર અભ્યાસનું એક મહત્વનું કેન્દ્ર છે. જામનગરની સામાજિક - આર્થિક રચના - દ્વિ પરિમાણીય છે. જેમાં બંને તરફ મોટી ઓઇલ રિફાઇનરીઓ રિલાયન્સ અને નાયરા આવેલી છે. તેમજ હજારો વર્ષથી લઘુ ઉદ્યોગો ધરાવતો બ્રાસ પાર્ટ (પિત્તળ) ઉદ્યોગ ધમધમી રહ્યો છે. આ ઔદ્યોગિક વિકાસને ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ઓડિશા જેવા રાજ્યો તેમજ ગુજરાતના આંતરિક પછાત વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પરિવારો સ્થળાંતર કરીને આવે છે.

## વિભાવનાઓ

**સ્થળાંતર:-**

પ્રો. વિદ્યુત જોષી સ્થળાંતરની વ્યાખ્યા આપતા નોંધે છે કે એક કાયમી રહેઠાણ માંથી પર્યાપ્ત સમય માટે ઓછે વધતે અંશે અન્ય રહેઠાણમાં થતા લોકોના કાયમી સંરચણને સ્થળાંતર કહેવાય.

**શહેર :-**

મેક્સવર્બર શહેરની વ્યાખ્યા આપતા જણાવે છે કે આર્થિક રીતે શહેરી એવું સ્થળ છે. જ્યાં સ્થાનિક વસ્તી તેમની દૈનિક જરૂરિયાતોનો મોટો ભાગ સ્થાનિક બજારમાંથી પૂરો કરે છે.

**શહેરીકરણ :-**

કિંગ્સલે ડેવિસ ના મતે શહેરીકરણએ એક એવી પ્રક્રિયા છે. જેમાં કુલ વસ્તીમાં શહેરી વસ્તીના પ્રમાણમાં વધારો થાય છે.

**સમસ્યા :-**

ફૂલર અને માયર્સના મતે સામાજિક સમસ્યા એટલે એવી પરિસ્થિતિ જે સામાજિક મૂલ્યોનું ઉલ્લંઘન કરતી હોય અને તેની દૂર કરવા સામાજિક ક્રિયા જરૂરી હોય.

**સાહિત્ય સમીક્ષા**

સ્થળાંતર વિશે સમાજશાસ્ત્રીય અભિગમ દ્વારા વૈજ્ઞાનિક વર્ણન E. G. Revenstein દ્વારા કરવામાં આવ્યું છે. જેણે પોતાની પુસ્તક (1885) The Laws of Migration માં સ્થળાંતર નિયમબદ્ધ અને તર્ક સંગત પ્રક્રિયા હોવાનું દર્શાવ્યું છે. જેમના અભ્યાસ મુજબ મોટા ભાગનું સ્થળાંતર આર્થિક કારણોસર થાય છે અને સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોથી શહેરી વિસ્તારો તરફ થાય છે.

શાહ એ. એમ (1968) migration and social structure. Economic and political weekly વોલ્યુમ 3. Page no - 21માં જેઓ પોતાના અભ્યાસ ગ્રામ શહેર સંબંધ અને કુટુંબ માળખા પર સ્થળાંતરની અસરના વિશ્લેષણમાં નોંધે છે કે સ્થળાંતર છતા ગામ સાથેના સામાજિક સંબંધો યથાવત્ રહે છે અને શહેરીકરણ થયું હોવા છતાં પરંપરાગત મૂલ્યો જળવાય છે.

## અભ્યાસના હેતુઓ

ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી મેળવી જામનગર શહેરમાં સ્થળાંતર કરવા પાછળના કારણો જાણવા.

સ્થળાંતર કરીને આવેલા પરિવારોના કુટુંબ જીવન પર પડતી અસરો પડકારોને તપાસવા.

## અભ્યાસની ઉપલ્પના

બીજા રાજ્યોમાંથી સ્થળાંતરિત પરિવારોને જામનગર શહેરી જીવન શૈલી સાથે અનુકૂલન સાધવામાં  મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

જામનગર શહેરમાં મોટા પાયે વિવિધ ઔદ્યોગિક વસાહતોને કારણે સ્થળાંતરિત પરિવારોને મોંઘવારી નો પ્રશ્ન જીવન નિર્વાહ માં મુશ્કેલી સર્જી શકે છે.

## અભ્યાસની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન અભ્યાસ પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત છે.  જામનગર શહેરના જુદાજુદા વિસ્તારો પટેલ કોલોની, ગુલાબ નગર ધરાનગર ગોકુલ નગર નાઘેડી, બેડી બંદર, શરુ સેક્સન, દિગ્જામ સર્કલ, વગેરે વિસ્તારોમાંથી પદ્ધતિસરના નિદર્શન દ્વારા મુલાકાત પ્રયુક્તિ દ્વારા 40 સ્થળાંતરિત પરિવારો ની માહિતી મેળવીને માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે. તેમજ લાઇબ્રેરી, ઇન્ટરનેટ, સામાયિકો, છાપાઓ વગેરે દ્વારા પણ માહિતીનું એકત્રીકરણ કર્યું છે.

ભારતમાં સ્થળાંતરિત વ્યક્તિઓ એટલે કે એવા વ્યક્તિઓ જેનો જન્મ સ્થળ અથવા અગાઉનું રહેઠાણ હાલના સ્થળથી અલગ રહેવા વસવાટ માટે આવ્યા હોય. જેમાં ભારતમાં 2011 ની વસ્તી ગણતરી કુલ 453.6 મિલિયન લોકોએ સ્થળાંતરિત કર્યું હતું એટલે કે ભારતની કુલ વસ્તીના આશરે 37 ટકા જેટલા લોકોએ સ્થળાંતર કર્યું એમ જોવા મળે છે. ગુજરાતમાં સ્થળાંતરિતોનું પ્રમાણ 2011 ની વસ્તીગણતરી મુજબ જોઈએ તો લગભગ 2.1 કરોડ લોકો એટલે કે કુલ વસ્તીના 35%થી વધુ વસ્તી સ્થળાંતરિત થઈ હતી. જેમાં ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યો માંથી વેપાર, રોજગાર અને શિક્ષણ માટે સ્થળાંતર માટે આવ્યા હોય એવા મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ રાજ્યો માંથી આવતા લોકોનું પ્રમાણ મહતમ જોવા મળે

છે.તેમજ જામનગર જિલ્લામાં 2011 ની અંદાજિત આંકડાકીય માહિતી મુજબ જામનગર શહેરમાં કુલ વસ્તીના 35 થી 40 ટકા લોકો સ્થળાંતર કરીને આવ્યા છે જે જામનગર શહેર માં આવેલ મોટી ઔદ્યોગિક વસાહતો, રિફાઇનરી અને શહેરીકરણને કારણે જામનગર શહેર સ્થળાંતર માટેના કારણમાં લોકો નું આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

**ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી**

| ક્રમ | વિગત | ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|
| 1 | જેન્ડર | 1 | સ્ત્રીઓ | 22 | 55% |
| | | 2 | પુરુષો | 18 | 45% |
| | | | કુલ | 40 | 100 |
| 2 | ઉત્તરદાતાઓનું વયજૂથ | 1 | 20વર્ષ થી 30 વર્ષ | 10 | 25% |
| | | 2 | 31 વર્ષ થી 40 વર્ષ | 20 | 50% |
| | | 3 | 41વર્ષ થી 50 વર્ષ | 06 | 15% |
| | | 4 | 51વર્ષ થી વધુ | 04 | 10% |
| | | | કુલ | 40 | 100 |
| 3 | ઉતરદાતાઓનો ધર્મ | 1 | હિન્દુ | 35 | 87.5% |
| | | 2 | મુસ્લિમ | 02 | 05% |
| | | 3 | જૈન | 03 | 7.5% |
| | | | કુલ | 40 | 100 |
| 4 | ઉતરદાતાઓની જ્ઞાતિ | 1 | સવર્ણ | 14 | 35% |
| | | 2 | એસ.સી | 04 | 10% |
| | | 3 | એસ.ટી | 04 | 10% |
| | | 4 | ઓ.બી.સી | 16 | 40% |
| | | 5 | EWS | 02 | 05% |
| | | | કુલ | 40 | 100 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | ઉતરદાતાઓનો વૈવાહિક દરજ્જો | 1 | પરિણીત | 35 | 87.05% |
| | | 2 | અપરિણીત | 03 | 7.5% |
| | | 3 | વિધવા | 01 | 2.5% |
| | | 4 | વિધુર | 01 | 2.5% |
| | | | કુલ | 40 | 100 |
| 6 | ઉતરદાતાઓનું શિક્ષણ | 1 | અશિક્ષિત | 00 | 00 |
| | | 2 | પ્રાથમિક | 04 | 10% |
| | | 3 | માધ્યમિક | 06 | 15% |
| | | 4 | ઉચ્ચતર માધ્યમિક | 04 | 10% |
| | | 5 | સ્નાતક | 10 | 25% |
| | | 6 | અન્ય | 16 | 40% |
| | | | કુલ | 40 | 100 |
| 7 | ઉતરદાતાઓનો કુટુંબનો પ્રકાર | 1 | સંયુક્ત | 18 | 45% |
| | | 2 | વિભકત | 22 | 55% |
| | | | કુલ | 40 | 100 |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી મેળવતા જામનગરમાં સ્થળાંતરિત પરિવારો વિષયક માહિતી મેળવતા કુલ 40 પરિવારોમાં 55% મહિલાઓ અને 45% પુરુષોએ સ્થળાંતર કર્યું છે. જેમાં સૌથી મહતમ 31% વર્ષ થી 40 વર્ષની વય જૂથ ધરાવતા 50% ઉતરદાતાઓ એ સ્થળાંતર કર્યું છે.જેમાં હિન્દુ ધર્મના 87.05%ઉત્તરદાતાઓ છે, મુસ્લિમ અને જૈનના ઓછા ઉત્તરદાતાઓ સ્થળાંતરિત છે. તેઓની જ્ઞાતિ વિષયક માહિતી મેળવતા મહતમ ઓ. બી. સી. અને જનરલ કેટેગરીના ઉત્તરદાતાઓ એ સ્થળાંતર કર્યું છે. તેમનો વૈવાહિક દરજ્જો તપાસતા 87.05% મોટા ભાગના ઉત્તરદાતાઓ પરિણીત છે. તેમજ તેઓનું શિક્ષણ જોતા મોટા ભાગે પ્રોફેશનલ શિક્ષણ એમ.ફિલ, બી.એડ, પી એચ.ડી અને સ્નાતક ઉત્તરદાતાઓ એ સ્થળાંતર કર્યું હોય તેવું મહતમ જોવા મળે છે. 55% ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં અને 45% ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં વસવાટ કરે છે.

## સ્થળાંતરનો સમયગાળો અને મૂળવતન

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ કેટલા સમયથી પોતાનું મૂળવતન છોડીને જામનગર આવ્યાં છે જે વિશે માહિતી મેળવતા અભ્યાસના મોટા ભાગના ઉત્તરદાતાઓ છેલ્લા ત્રણ, પાંચ, આઠ વર્ષથી સ્થળાંતર કર્યું હોય તેવું જોવા મળે છે. તેઓના મૂળવતન જોઈએ તો 50% ઉત્તરદાતાઓ અલગ અલગ શહેરો જેમ.કે ,વ્યારા, દાહોદ, નવસારી,તાપી, સુરત, પંચમહાલ, અમદાવાદ, કચ્છ - ભૂજ, જુનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર, પોરબંદર વગેરે શહેરો માંથી આવ્યા છે. જ્યારે 50% ઉત્તરદાતાઓ અલગ અલગ રાજ્યો ઓરિસ્સા, તમિલનાડુ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર વગેરે રાજ્યો માંથી સ્થળાંતર કર્યું હોય તેમ જોવા મળે છે.

## સ્થળાંતરને કારણે ઉભી થતી સમસ્યાઓ

સમાજમાં વ્યક્તિ જ્યારે સ્થળાંતર કરે છે. ત્યારે પારિવારિક તેમજ સમાજના સ્તરે અનેક વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ જ્યારે જામનગરમાં સ્થળાંતર કરે છે ત્યારે તેઓને નીચે મુજબની સમસ્યાઓ જોવા મળે છે.

**સ્થળાંતરને કારણે ઉભી થતી સમસ્યાઓ**

| ક્રમ | વિગત | હા | ટકા | ના | ટકા | કુલ ટકા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | રહેઠાણ અને મકાન ભાડા માટેના પ્રશ્ન | 38 | 95% | 02 | 05% | 40 | 100% |
| 2 | સ્થાનિક લોકોના અસહકાર | 07 | 17.5% | 33 | 82.5% | 40 | 100% |
| 3 | ભાષા સંબંધી અને ખોરાક પ્રશ્ન | 26 | 65% | 14 | 35% | 40 | 100% |
| 5 | બાળકોને શિક્ષણ મેળવામાં મુશ્કેલી | 03 | 7.5% | 37 | 92.5% | 40 | 100% |
| 6 | મહિલાઓની જવાબદારીઓ માં વધારો | 35 | 87.5% | 05 | 12.5% | 40 | 100% |
| 7 | મોંઘવારીની સમસ્યા | 31 | 77.5% | 09 | 22.5% | 40 | 100% |
| 8 | વાતાવરણ સંબંધી પ્રશ્ન | 22 | 55% | 18 | 45% | 40 | 100% |

ઉપયુક્ત કોષ્ટક પરથી જોતા 95% એટલે મોટાભાગના ઉત્તરદાતાઓ ને સ્થળાંતર કરવાને કારણે રહેઠાણ અને મકાન ભાડે રાખવા માટેના પ્રશ્નો સર્જાયા હતા. એટલે કે જામનગર શહેર નો ઇન્ડસ્ટ્રીયલ વિકાસ થવાને કારણે મોંઘવારીની સપાટી ઉચ્ચ હોવાથી 77.5% ઉત્તરદાતાઓને આ પ્રશ્ન સર્જાયો હતો. જ્યારે 22.5% ઉત્તરદાતાઓને મોંઘવારી સામે આવકનો સ્ત્રોત મોટો હોવાને કારણે સમસ્યાઓ સર્જાઈ ન હતી. અભ્યાસનાં મોટાભાગના 82.5% ઉત્તરદાતાઓને સ્થાનિક લોકોનો સહકાર મળ્યો હતો એટલે કે 17.5% ઉત્તરદાતાઓને જ સ્થાનિક લોકોનો અસહકારનો પ્રશ્ન થયો હતો. જે લોકો બીજા રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવ્યા છે તેવા 65% ઉત્તરદાતાઓને ભાષા સંબંધી અને ખોરાકના પ્રશ્નો અંગે સમસ્યાઓ સર્જાતી હતી. તેમજ સ્થળાંતર કરવાને કારણે ખૂબ ઓછા ઉત્તરદાતાઓના બાળકોને શિક્ષણ મેળવવામાં મુશ્કેલી પડી છે. મોટાભાગના ઉત્તરદાતાઓ પોતાના બાળકોને ઈચ્છા મુજબનું શિક્ષણ આપી શક્યા છે. અભ્યાસના બધા જ મહત્તમ ઉત્તરદાતા જણાવે છે કે સ્થળાંતરિત મહિલાઓની જવાબદારીમાં વધારો કર્યો છે. બેવડી ભૂમિકા સંતાનોને સાચવવાના પ્રશ્નો સર્જાયા છે. અભ્યાસના 55% ઉત્તરદાતાઓને જામનગર શહેરનું ભૂપૃષ્ઠ વાતાવરણ દરિયાકાંઠાના વિસ્તાર વાળુ ભેજવાળું હોવાને કારણે શરીરના સાંધા ના દુ:ખાવાના પ્રશ્નો, કફ, શરદી ના પ્રશ્નો સર્જાયા હોય તેમ જણાવે છે.

UNDP (2009) ના Human Development બુલેટીન મુજબ સ્થળાંતર માનવ વિકાસ માટે તક અને જોખમ બંને છે. એક તરફ તે આવક અને જીવનસ્તર સુધારે છે, તો બીજી તરફ શહેરી ગરીબી, ઝૂંપડપટ્ટી અને સામાજિક બહિષ્કાર જેવી સમસ્યાઓ પણ ઊભી કરે છે.

## જામનગરમાં સ્થળાંતર માટેના કારણો

આધુનિકીકરણ, શહેરીકરણની પ્રક્રિયાએ સ્થળાંતરની ગતિને વધુ તેજ બનાવી છે. ત્યારે પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ જામનગરમાં સ્થળાંતર કરીને ક્યાં કારણોસર આવ્યા છે. જે વિશે માહિતી મેળવતા......

**જામનગરમાં સ્થળાંતર માટેના કારણો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નોકરી માટે | 29 | 72.5% |
| 2 | ધંધા માટે | 02 | 05% |
| 3 | ઉચ્ચશિક્ષણ માટે | 05 | 12.5% |

| | | | |
|---|---|---|---|
| 5 | બાળકોના ભવિષ્ય માટે | 02 | 5% |
| 6 | પર્યાવરણીય પરિસ્થિતિને કારણે | 02 | 2% |
| | કુલ | 40 | 100% |

ઉપર્યુક્ત ટેબલ પરથી જોતા અભ્યાસમાં મોટા ભાગના 72. ટકા ઉત્તરદાતાઓ નોકરી માટે જામનગર શહેરમાં સ્થળાંતર કર્યું છે જ્યારે 12.5 % ઉત્તરદાતાઓ ઉચ્ચશિક્ષણ મેળવવા માટે 5% ઉત્તરદાતાઓ બાળકોના ભવિષ્ય માટે અને 2% ઉત્તરદાતાઓ પર્યાવરણીય પરિસ્થિતિને કારણે સ્થળાંતર કર્યું છે અર્થાત લોકો નોકરી રોજગાર અને ઉચ્ચશિક્ષણ અર્થે મહતમ સ્થળાંતર કરતા હોય તેવું જોવા મળે છે.

## સ્થાનિક લોકોનો સહકાર

પ્રસ્તુત અભ્યાસના મોટા ભાગના ઉત્તરદાતાઓને જામનગર શહેરના સ્થાનિક લોકોનો સહકાર પ્રાપ્ત થયો છે. જેમાં બિમારી સમયે મદદ, કોઈ રહેઠાણ વિષયક જાણકારી, બાળકોને સાચવવા અંગે, ખાણી - પીણીની બાબતે, આર્થિક મદદ અંગે વગેરે જેવી સામાજિક આર્થિક બાબતોમાં સહકાર મળેલ છે તેમ દર્શાવે છે. અર્થાત કહી શકાય કે જામનગર શહેરમાં લોકોમાં સહકાર યુક્ત વલણની ભાવના હોય તેવું જોવા મળે છે.

## સ્થળાંતરને કારણે જીવન ધોરણ માં સુધારો

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ ને સ્થળાંતરને કારણે તેઓના જીવન ધોરણમાં કયા પ્રકારનો સુધારો આવ્યો છે .જે વિષયની માહિતી મેળવતા......

**સ્થળાંતરને કારણે જીવન ધોરણ માં સુધારો**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 32 | 80% |
| 2 | ના | 08 | 20% |
| | કુલ | 40 | 100% |

ઉપયુક્ત કોષ્ટક પરથી જોતા પ્રસ્તુત અભ્યાસના 80% ઉત્તરદાતાઓમાં સ્થળાંતરને કારણે તેઓના જીવન ધોરણમાં સુધારો આવ્યો છે. સારી બ્રાન્ડના કપડાં, વાહન વ્યવહારની સુવિધાઓમાં, મકાન, રાજરચિલુ, મોજશોખ, મનોરંજન વગેરેમાં ઉચ્ચ જીવન ધોરણ જીવી શકાય

છે. જ્યારે 20% ઉત્તરદાતાઓ નાની મોટી મજૂરી તેમજ કંપનીમાં નોકરી કરતા હોવાને કારણે કંપનીના નિયમો, રજાઓની સમસ્યા, મોંઘવારી, આર્થિક સંક્રમણ વગેરેને કારણે તેઓના જીવન ધોરણમાં કોઈ સુધારો આવ્યો નથી.

એમ. એસ. એ. રાવ પોતાની પુસ્તક( 1974)Urban Sociology in India Orient Longman માં આપેલ મુજબ ઔદ્યોગિકરણ સાથે જોડાયેલા શ્રમિક સ્થળાંતરનું વિશ્લેષણ અનુસાર શહેરોમાં સ્થળાંતરિત શ્રમિકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે, જ્યાં તેમને ઓછી મજૂરી, અસ્થિર રોજગાર અને સામાજિક સુરક્ષાની અછતનો સામનો કરવો પડે છે. આ અભ્યાસ સ્થળાંતર અને વર્ગ અસમાનતાના સંબંધને ઉજાગર કરે છે. જે અભ્યાસ 20 ટકા ઉત્તરદાતાઓની સમસ્યાઓ સાથે સંકળાયેલ છે.

## તહેવાર અને પ્રસંગોમાં વતન

પ્રસ્તુત અભ્યાસના મોટાભાગના 72% ઉત્તરદાતાઓ તહેવારના પ્રસંગોમાં પોતાના વતન ચાલ્યા જવાનું પસંદ કરે છે. જ્યારે 28% ઉત્તરદાતાઓ બાળકોને શિક્ષણ દૂરના સ્થળો એ વતન હોવાને કારણે ઈચ્છતા હોવા છતાં વતન જવાનું ટાળે છે

અર્થાત એન્થની ગિડન્સના મત મુજબ સ્થળાંતર ને કારણે વ્યક્તિ પોતાની પરંપરાગત ભૂમિ થી દૂર જાય છે પરંતુ સ્મૃતિ ઓળખ અને ભાવાત્મક જોડાણ નો સંબંધ વતન સાથે જાળવી રાખે છે. જે બાબત પ્રસ્તુત અભ્યાસ સાથે સાચી ઠરે છે.

## સ્થળાંતર પછી ભવિષ્યનું આયોજન

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતા ઓ ને સ્થળાંતર અંગે ભવિષ્યમાં તેઓનું શું આયોજન છે જે વિશે માહિતી મેળવતા અભ્યાસના અડધા  ભાગ ઉપરાંત ના ઉત્તરદાતાઓ કાયમી ધોરણે જામનગર શહેરના વાતાવરણ સાથે ભળી ગયા છે. જ્યારે 32% ઉત્તરદાતાઓ પોતાના બાળકો ભવિષ્યમાં જ્યાં સ્થાઈ થશે ત્યાં રહેવાનું આયોજન છે તેમજ . 18% ઉતરદાતાઓ દ્વિધામાં છે કે ભવિષ્યનું શું આયોજન કરવું હજી કઈ જ નક્કી કરેલ નથી.

ડો . જી.એસ, ધૂર્યે (1963) પોતાની પુસ્તક Social Tensions in India માં સ્થળાંતરને ભારતીય સમાજમાં થતા સામાજિક પરિવર્તન સાથે જોડ્યું છે .તેમના અનુસાર સ્થળાંતર જાતિ વ્યવસ્થા, કુટુંબ માળખું અને સામાજિક સંબંધોમાં પરિવર્તન લાવે છે.

## તારણો:-

- જામનગર શહેર ઔદ્યોગિક વસહાત માટેનું હબ ગણાતું હોવાથી અભ્યાસના અડધા ભાગના ઉત્તરદાતાઓ અલગ અલગ શહેરો માંથી સ્થળાંતર કરી આવ્યા છે જ્યારે 50% ઉત્તરદાતાઓ ઓરિસ્સા, તમિલનાડુ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર વગેરે રાજ્યો માંથી સ્થળાંતર કરીને આવેલ છે.
- પ્રસ્તુત અભ્યાસના મોટાભાગના સ્થળાંતરિત ઉત્તરદાતાઓ (87.05%) હિન્દુ ધર્મના છે તેમજ મહત્તમ પરિણીત જોવા મળે છે અને ઉચ્ચ શિક્ષણ મેળવીને નોકરી અર્થે સ્થળાંતર કર્યું હોય તેવું મોટાભાગના ઉત્તરદાતાઓમાં જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસ દર્શાવે છે કે સ્થળાંતર માત્ર ભૌગોલિક ફેરફાર નથી પરંતુ તે સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના વિઘટનનું મુખ્ય કારણ બન્યું છે. જામનગરમાં 55% સ્થળાંતરિત પરિવારો 'એકાકી પરિવાર' તરીકે જીવે છે, જેના કારણે બાળકોમાં વડીલોના સામાજિક મૂલ્યોનું સાનિધ્ય ઘટ્યું છે.
- સામાજિક ગતિશીલતાનો રૂઢિચુસ્ત અવરોધ સ્થળાંતર થતાં આ પરિવારો જામનગરમાં પણ પોતાની જ જ્ઞાતિ કે પ્રદેશના લોકોના જૂથમાં રહેવાનું પસંદ કરે છે જે સામાજિક ગતિશીલતા ને મર્યાદિત કરે છે અને આધુનિક શહેરી મૂલ્યો સ્વીકારવામાં અવરોધ ઉભો કરે છે.
- અભ્યાસના ઉત્તરદાતાઓ છેલ્લા ત્રણ પાંચ આઠ વર્ષથી સ્થળાંતર કરીને આવેલ છે જેઓમાં મોટાભાગના ઉત્તરદાતાઓ (95%) ના રહેઠાણ સંબંધી મકાન ભાડે રાખવા અંગેના પ્રશ્નો સ્થળાંતર સમયે થયા હતા. તેમજ 65% ઉત્તરદાતાઓને ભાષા સંબંધી અને ખોરાક સંબંધી અલગ રાજ્યો માંથી આવેલ પ્રશ્નો સર્જાયા હતા.
- પ્રસ્તુત અભ્યાસના મોટાભાગના 72% ઉત્તરદાતાઓ નોકરી અર્થે સ્થળાંતર કરીને આવેલ છે તેમજ મહત્તમ ઉત્તરદાતાઓને સ્થળાંતર સમયે સ્થાનિક લોકોનો સહકાર પ્રાપ્ત થયો હતો.
- અભ્યાસના 80% ઉત્તરદાતાઓમાં સ્થળાંતરને કારણે જીવન ધોરણમાં સુધારો આવ્યો છે
- પ્રસ્તુત અભ્યાસ ના 72% ઉત્તરદાતાઓ તહેવાર પ્રસંગોમાં વતન ચાલ્યા જાય છે જે તેના ભુપૃષ્ઠ પ્રત્યેનું મહત્વ દર્શાવે છે.
- પ્રસ્તુત અભ્યાસના સ્થળાંતરિત ઉત્તરદાતાઓમાં અડધા ભાગના ઉત્તરદાતાઓ કાયમી ધોરણે જામનગર શહેરમાં સ્થાયી થવા માંગે છે જ્યારે 32% ઉત્તરદાતાઓ બાળકો જ્યાં સ્થાયી થવા માંગે છે.18% ઉત્તરદાતાઓ દ્વિધામાં છે જેઓએ કંઈ આયોજન કર્યું નથી.

## સૂચનો:-

- જામનગર મહાનગર પાલિકા દ્વારા સ્થળાંતરિત પરિવારો માટે કાઉન્સિલિંગ અને હેલ્થકેરની સુવિધાઓ આવશ્યક છે. જે તેઓને સરકારની યોજનાઓ અને કાયદાકીય હકો વિશે જાગૃતિ કરે.
- સ્થાનિક અને સ્થળાંતરિત સમુદાયોએ સાંસ્કૃતિક આદાન પ્રદાન કાર્યક્રમો યોજી સામાજિક એકતા વધારવાના પ્રયાસો ઇચ્છનીય છે.
- ઔધોગિક વસાહતોથી શહેરના મુખ્ય વિસ્તારો સુધી પહોંચવા માટે વ્યાજબી અને નિયમિત જાહેર પરિવહન ની સુવિધા વધારવી જોઈએ જેથી પરિવારો સામાજિક રીતે શહેર સાથે વધુ સારી રીતે જોડાઈ શકે.
- જામનગર શહેરમાં વધતી મોંઘવારીના કારણે ઊભી થતી સમસ્યાને ઘટાડવા માટે શહેરી રોજગાર ગેરંટી યોજના સ્થળાંતરિત પરિવારો માટે અમલમાં મૂકવી જોઈએ.
- શાળાઓમાં સ્થળાંતરિત બાળકો માટે દ્વિભાષીય શિક્ષણ પદ્ધતિ અમલમાં મૂકવી ઇચ્છનીય છે.
- શહેરી વિકાસ યોજના હેઠળ સ્થળાંતરિત શ્રમિકો માટે વ્યાજબી ભાડાના આવાસ ઉપલબ્ધ કરવાના પ્રયાસ કરવા જોઈએ.
- મહિલાઓ અને બાળકોની સુરક્ષા ધ્યાનમાં રાખીને રહેઠાણ વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓ (પાણી, શૌચાલય, વીજળી) સુનિશ્ચિત કરવી જોઈએ.
- કામકાજ કરતી મહિલાઓ માટે નજીકના વિસ્તારોમાં ડેઈ કેર અને આંગણવાડીની સુવિધાઓ સુલભ કરવી જોઈએ.

આમ સ્થળાંતરિત અભ્યાસો દ્વારા જોવા મળે છે કે મોંઘવારી, રહેઠાણની અસુરક્ષા, ભાષાકીય અડચણો, રોજગારીની અનિશ્ચિતતા વગેરે દૈનિક જીવનશૈલીને ગંભીર રીતે પ્રભાવિત કરે છે. સાથે મહિલાઓના માથે બેવડી ભૂમિકાની જવાબદારી માનસિક તણાવ પણ ઉભો કરે છે માટે આવશ્યક છે કે સ્થળાંતરિત પરિવારો આવા અભ્યાસ દ્વારા શહેરી સમાજની મુખ્યધારા માં સમાવી શકાય અર્થાત્ સર્વસમાવેશક નીતિઓ અને માનવકેન્દ્રિત આયોજન દ્વારા સ્થળાંતરિત પરિવારો શહેરી વિકાસના સદભાગી બનાવી શકાય.દેશના ભારતીય સંસ્કૃતિ  વસુદેવ કુટુંબ કમ ખ્યાલ ની ભાવનાને ખરા અર્થમાં સાકાર કરી શકાય.

## સંદર્ભ સૂચિ


- શાહ, એ. જી. અને દવે, જે. કે. (૨૦૧૮). *ભારતની સામાજિક સમસ્યાઓ*. અમદાવાદ: અનડા પ્રકાશન.
- પટેલ, તારાબહેન. (૨૦૧૧). *ગુજરાતમાં સામાજિક પરિવર્તન*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- ત્રિવેદી, જી. જે. (૨૦૧૫). *સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિ*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- દેસાઈ, આઈ. પી. (૧૯૭૮). *ગુજરાતમાં કુટુંબ પરિવર્તન*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- જોષી, વિદ્યુત. (૨૦૦૪). *ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ અને સામાજિક અસરો*. અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
- આહુજા, રામ. (૨૦૧૪). *ભારતીય સામાજિક વ્યવસ્થા*. જયપુર: રાવત પબ્લિકેશન્સ.
- શર્મા, કે. એલ. (૨૦૧૬). *ભારતીય સામાજિક સંરચના અને પરિવર્તન*. જયપુર: રાવત પબ્લિકેશન્સ.
- ગુપ્ત, એમ. એલ. અને શર્મા, ડી. ડી. (૨૦૨૦). *સામાજિક માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર*. આગ્રા: સાહિત્ય ભવન પબ્લિકેશન્સ.
- સિંઘ, જે. પી. (૨૦૧૮). *આધુનિક ભારત મેં સામાજિક પરિવર્તન*. દિલ્હી: મોતીલાલ બનારસીદાસ પબ્લિકેશન્સ.
- Ghurye, G. S. (1963). Social Tensions in India. Popular Prakashan.
- UNDP (2009). Human Development Report: Overcoming Barriers – Human Mobility and Development. United Nations.
- Rao, M. S. A. (1974). Urban Sociology in India. Orient Longman.
- Ravenstein, E. G. (1885). The Laws of Migration. Journal of the Statistical Society of London, 48(2).
- Giddens, Anthony (1991). Modernity and Self-Identity: Self and Society in the Late Modern Age).

- રજિસ્ટ્રાર જનરલ. (૨૦૧૧). *સેન્સસ ઓફ ઇન્ડિયા ૨૦૧૧: જામનગર ડિસ્ટ્રિક્ટ હેન્ડબુક.* નવી દિલ્હી: ભારત સરકાર. https://censusindia.gov.in
- અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક. (૨૦૨૪). *ગુજરાત સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૩-૨૪.* ગાંધીનગર: ગુજરાત સરકાર. https://des.gujarat.gov.in
- નીતિ આયોગ. (૨૦૨૧). *ઇન્ડિયા ઇન્ડેક્સ રિપોર્ટ ૨૦૨૦-૨૧.* નવી દિલ્હી: નીતિ આયોગ, ભારત સરકાર. https://niti.gov.in
- ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC). (૨૦૨૩). *જામનગર બ્રાસ ઇન્ડસ્ટ્રી ડેટા.* https://gidc.gujarat.gov.in